# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 27-05-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર સોનલ પરમાર વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આંતકવાદનો કાંટો કાઢી નાંખવાનો સંકલ્પ વ્યક્ત કર્યો.

2) ભારતીય સૈન્યના સાહસ અને પરાક્રમને બિરદાવતી 'ઓપરેશન સિંદૂર સન્માન યાત્રાનો પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગાંધીનગરથી આરંભ કરાવ્યો.

3) સેનાના સમર્થનથી જ પાકિસ્તાન આતંકવાદીઓને પોષી રહ્યું હોવાનું કેન્દ્રીય વિદેશ મંત્રી ડોક્ટર એસ.જયશંકરનું નિવેદન.

4) આતંકવાદ વિરૂધ્ધના ભારતના  અભિગમની જાણકારી આપવા માટેનું સાંસદ સુપ્રિયા સૂલેના નેતૃત્વ વાળુ પ્રતિનિધિમંડળ કતારની મુલાકાત પૂર્ણ કરીને દક્ષિણ આફ્રિકા જવા રવાના થયું.

5) બ્રિટનના લિવરપૂલ ફૂટબોલ ક્લબની વિજય પરેડ દરમિયાન ચાહકોની ભીડમાં એક કાર ઘુસી જતાં 47 લોકો ઇજાગ્રસ્ત.

..........................................................................

(હવે પછી આપ બે વાગીને ત્રીસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

# PM MAHATMA MANDIR

ગુજરાતના પ્રવાસના બીજા દિવસે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મહાત્મા મંદિર ખાતેથી બોલતાં કહ્યું હતુંકે આતંકવાદના કાંટાને કોઇપણ સંજોગોમાં કાઢી નાંખીને જ જંપીશું.. ભારતીય સૈન્યના સાહસ અને પરાક્રમને બિરદાવતા પ્રધાનમંત્રીએ કહ્યું હતુંકે આપણે 75 વર્ષથી આતંકવાદને સહન કરી રહ્યાં છે. પરંતુ હવે ઇંટનો જવાબ પથ્થરથી મળશે

## બાઇટ- નરેન્દ્ર મોદી , પ્રધાનમંત્રી .. PM ON TERROR

સિંધુ જળ સંધિ રદ કરવા અંગે કહ્યું હતુંકે સિંધુ નદીનું પાણી ભારતના ભાગનુ પાણી છે.. આપણએ થોડુ પાણી રોક્યું તો પાકિસ્તાન ધ્રુજી ગયુ હતુ. નિર્દોષો ઉપર હુમલાઓ પાકિસ્તાન કરતું હોવાનુ જણાવીને તેમણે કહ્યું હતું કે 22 મિનિટમાં જ આતંકવાદીઓના ઠેકાણો નેસ્તનાબૂદ કર્યા હતા.. તેમણે કહ્યું હતુ કે ભારતનો વિકાસ વિશ્વ કલ્યાણ અર્થે છે. અગાઉ .ગાંધીનગરમાં શહેરી વિકાસ વર્ષના બે દાયકા પૂર્ણ થવાની ઉજવણીમાં સહભાગી થતા પ્રધાનમંત્રીએ પાંચ હજાર પાંચસો 36 કરોડ રૂપિયાની વિવિધ વિકાસ પરિયોજનાઓનું ઉદઘાટન અને લોકાર્પણ કર્યું હતું.. આ પ્રસંગે તેમણે સંબોધન કરતાં કહ્યું હતુંકે ભારત હવે વિશ્વની ચોથી મોટી અર્થ વ્યવસ્થા બની છે..

## બાઇટ- નરેન્દ્ર મોદી ,પ્રધાનમંત્રી..ECONOMY

પ્રધાનમંત્રીએ સંબોધન દરમિયાન કહ્યું હતું કે મુશ્કેલીના સમયમાં ભારતે તમામની મદદ કરી છે.

# GNR SINDOOR YATRA

પ્રધાનમંત્રી મોદીએ ગાંધીનગરમાં 'ઓપરેશન સિંદૂર સન્માન યાત્રાનો આરંભ કરાવ્યો હતો, જેમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા. રાજભવનથી આ યાત્રા શરૂ થઈ, ઉત્સાહ સાથે મોટી સંખ્યામાં લોકો માર્ગો પર ઉમટી પડ્યા હતા અને ત્રિરંગો લહેરાવીને તેમના માર્ગ પર પુષ્પવર્ષા કરી હતી.

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સીઆર પાટીલની સાથે, શ્રી મોદીએ ઉત્સાહિત લોકોનું અભિવાદન ઝીલ્યું હતું.. દેશભક્તિના સૂત્રો અને ગીતોના કારણે ગાંધીનગર શહેરમાં દેશભક્તિનો માહોલ સર્જાયો હતો. રાષ્ટ્રવાદી ઉત્સાહથી ભરપૂર આ યાત્રા મહાત્મા મંદિર ખાતે પૂર્ણ થઈ હતી.

# JAISHANKAR-PAKISTAN

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે કહ્યું છે કે આતંકવાદી સંગઠનો ખુલ્લેઆમ પાકિસ્તાનથી પોતાની પ્રવૃત્તિઓ ચલાવી રહ્યા છે. તેમણે કહ્યું કે પાકિસ્તાન આતંકવાદીઓને પોષી રહ્યું છે જેને પાકિસ્તાની સેના અને સરકાર દ્વારા સમર્થન, ભંડોળ અને ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

જર્મન અખબારને આપેલા ઇન્ટરવ્યુમાં ડૉ. જયશંકરે કહ્યું કે ભારતે આતંકવાદીઓને સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે તેમને આતંકવાદી હુમલાઓની કિંમત ચૂકવવી પડશે. પહેલગામ આતંકવાદી હુમલા પછી ભારતની પ્રતિક્રિયા અંગે, વિદેશ મંત્રીએ કહ્યું કે ભારતે સાવધાનીપૂર્વક સચોટ હુમલા કર્યા. અને પાકિસ્તાનને બતાવી દીધું છે કે સેના તેમની હવાઈ સંરક્ષણ પ્રણાલીઓને નિષ્ક્રિય કરી શકે છે. ભારતે પાકિસ્તાનના મુખ્ય હવાઈ મથકો અને હવાઈ સંરક્ષણ પ્રણાલી પર અસરકારક રીતે હુમલો કરી તેને અસમર્થ બનાવી.

ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામ અંગે ડૉ. જયશંકરે કહ્યું કે બંને પક્ષોના લશ્કરી કમાન્ડરો વચ્ચે ગોળીબાર બંધ કરવાનો કરાર થયો હતો.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# QATAR:PARLIAMENTARY-DELEGATION

સાંસદ સુપ્રિયા સુલેના નેતૃત્વમાં સર્વપક્ષિય પ્રતિનિધિમંડળે કતારની તેમની સત્તાવાર મુલાકાત પૂર્ણ કરી હતી. 22 એપ્રિલના રોજ પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા અને ત્યારબાદ ભારતે કરેલા ઓપરેશન સિંદૂરના પગલે આ મુલાકાત કરવામાં આવી હતી.. આ પ્રતિનિધિમંડળની કતારની મુલાકાત ચાર દેશોના પ્રવાસના પ્રથમ તબક્કાની હતી..

તેમની બે દિવસીય મુલાકાત દરમિયાન, પ્રતિનિધિમંડળે ભારતના આતંકવાદ સામેના શૂન્ય સહિષ્ણુતાના અભિગમ વિશે છણાવટ કરીને કતારના વરિષ્ઠ અધિકારીઓ, વિદેશ, ગૃહ અને શૂરા કાઉન્સિલના ડેપ્યુટી સ્પીકર સાથે ચર્ચા કરી હતી.

પ્રતિનિધિમંડળે કતારના શિક્ષણવિદો અને મિડલ ઇસ્ટ કાઉન્સિલ ફોર ગ્લોબલ અફેર્સના થિંક ટેન્કના સભ્યો તેમજ ભારતીય સમુદાયના સભ્યોને સંબોધિત કર્યા હતા..

પ્રતિનિધિમંડળ આજે તેના પ્રવાસના બીજા તબક્કા માટે દક્ષિણ આફ્રિકા જવા રવાના થશે.

# RAJNATH SINGH-AMCA

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે એડવાન્સ્ડ મીડિયમ કોમ્બેટ એરક્રાફ્ટ (AMCA) પ્રોગ્રામ એક્ઝિક્યુશન મોડેલને મંજૂરી આપી છે. આ મોડેલનો ઉદ્દેશ્ય ભારતની સ્વદેશી સંરક્ષણ ક્ષમતાઓને વધારવા અને એક મજબૂત સ્થાનિક એરોસ્પેસ ઔદ્યોગિક ઇકોસિસ્ટમને પ્રોત્સાહિત કરવાનો છે.

એક નિવેદનમાં, સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે એક્ઝિક્યુશન મોડેલ અભિગમ ખાનગી અને જાહેર ક્ષેત્ર બંનેને સ્પર્ધાત્મક ધોરણે સમાન તકો પૂરી પાડે છે. તેમાં કહેવામાં આવ્યું છે કે એન્ટિટી અથવા બોલી લગાવનાર એક ભારતીય કંપની હોવી જોઈએ જે દેશના કાયદા અને નિયમોનું પાલન કરે છે.

# JUDGE PRAMOTION

સુપ્રિમ કોર્ટ કોલેજિયમની બેઠકમાં ગુજરાત હાઈકોર્ટના બે પૂર્વ જજ અને હાલમાં બીજા રાજ્યોની કોર્ટમાં કાર્યરત બે ગુજરાતી જજને પ્રમોશન માટે ભલામણ કરવામાં આવી છે. ગુજરાત હાઈકોર્ટમાં અગાઉ ફરજ બજાવતા જસ્ટિસ વિપુલ પંચોલી પટણા હાઈકોર્ટમાં ફરજ બજાવે છે. તેમને પટણામાં ચીફ જસ્ટિસ તરીકે પ્રમોશન માટે ભલામણ કરવામાં આવી છે. તેમજ ગુજરાત હાઈકોર્ટમાં પૂર્વ ફરજ બજાવતા જસ્ટિસ એન.વી. અંજારિયા હાલ કર્ણાટક હાઈકોર્ટમાં ચીફ જસ્ટિસ તરીકે ફરજ બજાવે છે. તેમને સુપ્રિમ કોર્ટના જસ્ટિટ તરીકે નિયુક્ત માટે ભલામણ કરવામાં આવી છે.

# UK-CAR INCIDENT

બ્રિટનમાં, લિવરપૂલ ફૂટબોલ ક્લબની વિજય પરેડ દરમિયાન ચાહકોની ભીડમાં એક કાર ધુસી જતાં લગભગ 47 લોકો ઇજાગ્રસ્ત થયા છે

ઇજાગ્રસ્ત લોકોમાંથી, 27 ઇજાગ્રસ્તોને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે અને 20 લોકોને ઘટનાસ્થળે સારવાર આપવામાં આવી હતી. ફાયર ફાઇટરોએ કાર નીચે ફસાયેલા એક બાળક સહિત ચાર લોકોને બચાવ્યા હતા.

પોલીસે લિવરપૂલના 53 વર્ષીય વ્યક્તિની ધરપકડ કરી છે. તેમણે કહ્યું કે આ અકસ્માત આતંકવાદ સાથે સંબંધિત નથી. પ્રધાનમંત્રી  કીર સ્ટાર્મરે લિવરપૂલના લોકો સાથે હોવાનો ઉલ્લેખ કરીને કહ્યું હતું કે  સમગ્ર  દેશ તેમની સાથે ઉભો છે.

# PUDUCHERRY-YOGA DAY

11મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ માટે ૨૫ દિવસનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે. આ પ્રસંગે આજે પુડુચેરીમાં 'યોગ મહોત્સવ ૨૦૨૫'નું આયોજન કરવામાં આવ્યું હતું. કેન્દ્રીય આયુષ રાજ્યમંત્રી પ્રતાપરાવ જાધવે આ કાર્યક્રમનું ઉદ્ઘાટન કર્યું હતું.

શ્રી જાધવે કહ્યું કે યોગ એ વર્તમાનની એક મહત્વપૂર્ણ જરૂરિયાત છે અને તે આપણા સ્વસ્થ ભવિષ્યનો અભિન્ન ભાગ છે.

પુડુચેરીના ઉપરાજ્યપાલ કે. કૈલાશનાથન, મુખ્યમંત્રી એન. રંગાસ્વામી, વિધાનસભા અધ્યક્ષ આર. સેલ્વમ, જાહેર બાંધકામ મંત્રી એલ. લક્ષ્મીનારાયણન, સાંસદ એસ. સેલ્વાગણપતિ અને વી. વૈથિલિંગમ આ પ્રસંગે હાજર રહ્યા હતા.

આયુષ મંત્રાલય હેઠળ મોરારજી દેસાઈ રાષ્ટ્રીય યોગ સંસ્થા દ્વારા આયોજિત, આ કાર્યક્રમમાં કોમન યોગ પ્રોટોકોલનું સામૂહિક પ્રદર્શન જોવા મળ્યું.

# US-EU TRADE

યુરોપિયન કમિશને તાજેતરના તણાવ છતાં, અમેરિકા સાથે વેપાર સોદા માટે પોતાની પ્રતિબદ્ધતાની પુનઃપુષ્ટિ કરી છે. યુરોપિયન કમિશનર ફોર ટ્રેડ એન્ડ ઇકોનોમિક સિક્યુરિટી મારોસ સેફકોવિકે સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે યુરોપિયન યુનિયન અમેરિકા સાથે સોદો સુરક્ષિત કરવા માટે રચનાત્મક અને કેન્દ્રિત પ્રયાસો ઝડપથી કરી રહ્યું છે.

અમેરિકી  રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે શુક્રવારે અટકેલી વાટાઘાટો પર નિરાશા વ્યક્ત કરી હતી અને પેહલી જૂનથી યુરોપિયન યુનિયનમાંથી આયાત પર 50 ટકા ટેરિફ લાદવાની ચિમકી આપી હતી. તેના જવાબમાં, યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેને રવિવારે રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથે ફોન પર વાત કરી હતી. રાષ્ટ્રપતિ ટ્રમ્પ બાદમાં ટેરિફ વધારો 9 જુલાઈ સુધી મુલતવી રાખવા સંમત થયા હતા, જેનાથી બંને પક્ષોને વાટાઘાટો માટે વધુ સમય મળ્યો હતો.